# સરદાર પટેલ યુનિવર્સીટી

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત) ભારત

નેક રી-એક્રીડિશન સીજીપીએ ૩.૨૫ ગ્રેડ - 'એ' (૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

નં:ડી/બી/૨૧-૨૨/3250

એકેડેમીક વિભાગ
તા. ૨૭-૦૯-૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/વડાશ્રી/ડાયરેક્ટરશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટિટ્યુટસ
સરદાર પટેલ યુનિવર્સિટી

પ્રતિ:
વડાશ્રીઓ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો
સરદાર પટેલ યુનિવર્સિટી

વિષય: વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન બાબતે અગત્યની સુચના.

સુજ્ઞશ્રી/સુશ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે આપની કોલેજ/ઇન્સ્ટિટ્યુટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં સ્નાતક અને અનુસ્નાતક તેમજ ડિપ્લોમાં કોર્સ, પી. જી. ડિપ્લોમાં વિભાગ અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ નીચે જણાવ્યા મુજબ ઓનલાઇન (http://spuportal.in માં) ભરવાની જવાબદારી જે તે કોલેજ ડિપાર્ટમેન્ટ અથવા ઇન્સ્ટિટ્યુટની રહેશે.

| અ.નં | વિગત | વિદ્યાર્થી દીઠ ફી | વિદ્યાર્થી દીઠ લેઇટ ફી (કોડ નં-૪૦૦૦૧) | ઓનલાઇન ફોર્મ ભરવાની તારીખ | હાર્ડ કોપી જમા કરાવવાની તારીખ | લેઇટ ફી સાથે ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એનરોલમેન્ટ ફી (યુ.જી.વિદ્યાર્થીઓ માટે) | ૫૦/- | ૧૦૦/- | ૨૮/૦૯/૨૧ થી ૦૮/૧૦/૨૧ | ૧૧/૧૦/૨૧ થી ૧૩/૧૦/૨૧ | ૧૪/૧૦/૨૧ થી ૧૮/૧૦/૨૧ |
| ૨ | રજીસ્ટ્રેશન ફી (પી.જી.વિદ્યાર્થીઓ માટે) (બી.એડ./એલ.એલ.બી./બી.લીબ ના વિદ્યાર્થીઓ માટે) | ૫૦૦/- | ૧૦૦/- | ૨૮/૦૯/૨૧ થી ૧૬/૧૦/૨૧ | ૧૮/૧૦/૨૧ થી ૨૨/૧૦/૨૧ | ૨૫/૧૦/૨૧ થી ૨૭/૧૦/૨૧ |
| 3 | FEC (ફાઈનલ એલીજીબીલીટી સર્ટિ.) | - | ૧૦૦૦/- | | માઈગ્રેશન ૨૮-૧૦-૨૦૨૧ સુધી | 30-૧૦-૨૦૨૧ |

ઓનલાઇન ભરેલા ફોર્મનો રીપોર્ટ નિયત કરેલ એનરોલમેન્ટ ફી તથા રજીસ્ટ્રેશન ફી સહીત યુનિવર્સિટીના એકેડમિક વિભાગમાં હાર્ડ કોપી સહિત જમાં કરાવવાનો રહેશે. અંતીમ તારીખ બાદ કોઇપણ એનરોલમેન્ટ કે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહી તથા તેવા વિદ્યાર્થીઓના પ્રવેશની સંપુર્ણ જવાબદારી જેતે આચાર્યશ્રી/વડાશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનની કાર્યવાહી ઓનલાઇન પદ્ધતિથી કરવામાં આવતી હોઇ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનના ફોર્મ (હાર્ડ કોપી) આપવામાં આવશે નહી. જેથી વિદ્યાર્થીઓના પ્રવેશની સાથે જ ઓનલાઇન એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનની કાર્યવાહી (http://spuportal.in માં) શરૂ કરવાની રહેશે.

વધુમાં, આપની કોલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ અન્ય યુનિવર્સીટી (સરદાર પટેલ યુનિવર્સીટી સિવાય) અથવા અન્ય બોર્ડ (ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાય) માંથી પરીક્ષા પાસ કરી આ યુનિવર્સીટી સંલગ્ન કોલેજો/વિભાગમાં પ્રવેશ મેળવેલ પ્રવેશ સમયે ઓરીજીનલ દસ્તાવેજો ચકાસણી કર્યા બાદ પ્રવેશ ફાળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનું અલગથી PEC ફોર્મ હાર્ડ કોપીમાં ભરાવવાની જરૂરિયાત રહેતી નથી. પરંતુ કોલેજ/વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરવામાં આવશે તેની સાથે PEC નંબર સીસ્ટમ દ્વારા ઓટોમેટીક જનરેટ કરવામાં આવશે તથા આવા વિદ્યાર્થીદીઠ રૂ. ૫૦/- PEC Fees એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફી સાથે જ યુનિવર્સીટીમાં જમા કરાવવાની રહેશે. જેની ખાસ નોધ લેવી.

વધુમાં, આવા વિદ્યાર્થીઓના તા.૨૮-૧૦-૨૦૨૧ સુધીમાં અસલ માઈગ્રેશન સર્ટિફિકેટ કોલેજ દ્વારા એકત્રિત કરી એક ફાઈલ બનાવી યુનિવર્સીટીના એકેડેમિક વિભાગમાં જમા કરાવવી અને ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (FEC) યુનિવર્સીટી દ્વારા જનરેટ કરવામાં આવશે.ઉપરોકત સમય મર્યાદામાં કોલેજ/વિભાગ દ્વારા માઈગ્રેશન સર્ટિફિકેટ જમા નહિ કરાવવામાં આવે તેની જવાબદારી જે-તે કોલેજ/ વિભાગના આચાર્ય/વડાશ્રીની રહેશે.

તારીખ ૨૮-૧૦-૨૦૨૧ સુધીમાં FEC મેળવવામાં નહિ આવે તો યુનિવર્સીટીના ઓર્ડીનન્સ ૯૪ (૧) મુજબ વિદ્યાર્થીદીઠ રૂ. ૧૦૦૦/- લેઈટ ફી લેવામાં આવશે તથા આવા તમામ વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરના પરીક્ષાઓના પરિણામ પેન્ડીંગ કરવામાં આવશે તેની ખાસ નોધ લેવા જાણ કરવામાં આવે છે.

**નોધ: સ્નાતક અને અનુસ્તાનક કક્ષાના પ્રવેશ નિયમો ૨૦૨૧-૨૨ માં Cancellation of admission & Refund of fees માટે Last date of admission ની સ્નાતક કક્ષાએ ૮-૧૦-૨૦૨૧ તથા અનુસ્નાતક કક્ષાએ ૧૬-૧૦-૨૦૨૧ ગણવાની રહેશે.**

ખાસ નોંધ: (૧) કોલેજ દ્વારા સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીનું યુનિવર્સિટી પોર્ટલમાં એનરોલમેન્ટ થઇ ગયા બાદ એનરોલમેન્ટના રીપોર્ટની હાર્ડકોપી (Student Check list) કાઢી, વિદ્યાર્થીના નામ ધો-૧૨ની માર્કશીટ મુજબ ખાસ ચકાસવા જો નામમાં કોઈ ભૂલ હોય તો અલગથી કોલેજ દ્વારા નામમાં સુધારા અંગેના પત્ર સાથે ધો.૧૨ ની માર્કશીટની નકલ જોડી યુનિવર્સીટી એકેડમિક સેક્શનને જાણ કરવાની રહેશે.

(૨) કોલેજ દ્વારા અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીનું યુનિવર્સિટી પોર્ટલમાં રજીસ્ટ્રેશન થઇ ગયા બાદ રજીસ્ટ્રેશનના રીપોર્ટની હાર્ડકોપી (Student Check list) કાઢી, વિદ્યાર્થીના નામ સ્નાતક કક્ષાની માર્કશીટ મુજબ ખાસ ચકાસવા જો નામમાં કોઈ ભૂલ હોય તો અલગથી કોલેજ દ્વારા નામમાં સુધારા અંગેના પત્ર સાથે સ્નાતક કક્ષાની માર્કશીટની નકલ જોડી યુનિવર્સીટી એકેડમિક સેક્શનને જાણ કરવાની રહેશે.

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના: (૧) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ. તથા સદર પત્રને યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨) વડાશ્રી,પરીક્ષા વિભાગ,સ.પ.યુનિવર્સીટી, તરફ જરૂરી જાણ સારૂ.

(૩) વડાશ્રી, હિસાબ વિભાગ, સ.પ.યુનિવર્સીટી, તરફ ઘટતી કાર્યવાહી કરવા સારૂ

(૪) વડાશ્રી, સ્કોલરશીપ વિભાગ, સ.પ.યુનિવર્સીટી, તરફ જરૂરી જાણ સારૂ.

(૫) વડાશ્રી, ફીઝીકલ એજ્યુકેશન વિભાગ, સ.પ.યુનિવર્સીટી, તરફ જરૂરી જાણ સારૂ.